### ઈન્સ્ટિટયૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયાનું પરિણામ જાહેર

# શહેરની વિની સપ્રેએ સીએસ પ્રોફેશનલમાં ઓલ ઈન્ડિયા સ્તરે 4થો રેન્ક મેળવ્યો

**બરોડા** ચેપ્ટરને પ્રથમ વખત ચોથો રેન્ક ઓલ ઓવર ઈન્ડિયામાં પ્રોફેશનલ પ્રોગ્રામમાં મળ્યો




(પ્રતિનિધિ) વડોદરા,તા.25

ડિસેમ્બર 2025 માં યોજાયેલી સીએસ પ્રોફેશનલની પરીક્ષામાં વડોદરાની વિદ્યાર્થિની વિની સપ્રેએ ઉત્કૃષ્ટ સફળતા મેળવી ઓલ ઈન્ડિયામાં ચોથો ક્રમ હાંસલ કર્યો છે. સાથે જ તેણે વડોદરા શહેરમાં પ્રથમ સ્થાન મેળવી પરિવાર અને શહેરનું નામ રોશન કર્યું છે. તેણે પોતાની સફળતાનો શ્રેય શિસ્તબદ્ધ તૈયારી અને સતત મહેનતને આપ્યો છે.

વડોદરા ચેપટર આઈસીએસઆઈના ચેરમેન સાગર ટેલરે જણાવ્યું હતું કે, ઈન્સ્ટિટયૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયાનું જે ડિસેમ્બર 2025માં એક્ઝામ લેવામાં આવી હતી. એનું એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ સ્ટેજનું આજે પરિમાણ જાહેર થયું છે. જે આટલા વર્ષોમાં સૌથી સારામાં સારું પરિણામ છે. પર્સન્ટેજ અને નંબર વાઈઝ ખૂબ સારું આવેલું છે. બરોડા ચેપટરને પ્રથમ વખત ચોથો રેન્ક ઓલ ઓવર ઈન્ડિયામાં પ્રોફેશનલ પ્રોગ્રામમાં મળ્યો છે. ઓલ ઈન્ડિયામાં 23મો રેન્ક એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં પણ વડોદરા ચેપટરમાંથી સિલેક્ટ થઈ છે. એક્ઝિક્યુટિવનું પરિમાણ 18.03 ટકા પ્રથમ મોડ્યુલમાં અને સેકન્ડ મોડ્યુલમાં 22.26 પર્સન્ટેજ , પ્રોફેશનલ પ્રોગ્રામમાં વડોદરા ચેપટરનું 28 ટકા અને 22 ટકા સેકન્ડ મોડ્યુલનું આવ્યું છે. એટલે જે રિઝલ્ટ આવ્યું એમાં ટોપ ત્રણ રેન્કર વડોદરાના છે. એમાં એચિવમેન્ટ એ પ્રકારનું છે કે, જે છોકરાઓ છે એ 19 વર્ષે આ કાર્ય સિદ્ધિ હાંસિલ કરી છે. 19 વર્ષે તેઓ પ્રોફેશનલ્સ બની ગયા છે. અને બધા મોડ્યુલ્સ પ્રોફેશનલ્સ પ્રોગ્રામના ક્લિયર કરીને સીએસ બની ગયા છે. જે એક ગૌરવ લેવા જેવી બાબત છે. જેમાં એક છોકરો 19 વર્ષે અને બે છોકરાઓ 20 વર્ષે સીએસ એક્ઝિક્યુટિવ ની એક્ઝામ પાસ કરેલી છે. આજે પરિણામ આવ્યું છે. એ આવનારા વિકસિત ભારતના 2047ને વેગ આપનારું અને એક પ્રબળ કોર્પોરેટ ગવર્નન્સની રિસ્પોન્સીબીલીટી લેવા વાળું અને ભવિષ્યમાં આ સિદ્ધિ અપાવનારું છે.

**દરરોજ 8 કલાક અભ્યાસે સફળતા અપાવી**

મારાથી જેટલું બની શકે ઘરે આવીને બહુ ભણી શકાતું ન હતું, પણ જ્યારે અમારી સ્ટડી લીવ આવે દોઢ બે મહિના પહેલા તો દિવસના હું આઠ કલાક ટ્રાય કરતી હતી કે, અભ્યાસ કરું એનાથી વધારે મેં પ્રયત્ન નથી કર્યો. કારણ કે, મેં વધારે પડતા ભારણ કરતા દિમાગ થાકી જાય એટલે મેં આઠ કલાક અભ્યાસ કરતી હતી. બે બે કલાકના સ્લોટ રાખી હું ભણતી હતી અને હું વધારે રાત્રે જ અભ્યાસ કરતી હતી. યોગ્ય માર્ગદર્શન સાથે વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી બનાવી શકે છે. **- વિની સપ્રે,** સિટી ટોપર

### સુરતના ચર્ચાસ્પદ બિલ્ડર તુષાર ઘેલાણી કેસ ગરમાયો

# પૂનમ ભદોરિયાએ કોર્ટમાં વ્હોટ્સએપ ચેટ્સ અને વિદેશ પ્રવાસનાં પુરાવો મૂક્યા

**આજે** પૂનમ ભદોરિયાની જામીન અરજી પર સુનાવણી



(પ્રતિનિધિ) સુરત તા.25

સુરતમાં ચર્ચાસ્પદ બનેલા બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં મહત્વપૂર્ણ કાનૂની પ્રક્રિયા આગળ વધી રહી છે. આ કેસમાં જેલમાં કેદ પૂનમ ભદોરિયા દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી છે. કોર્ટે આ અરજી પર સુનાવણી ગુરુવારના રોજ હાથ ધરવાનું નક્કી કર્યું છે.માહિતી મુજબ, પૂનમ ભદોરિયાએ પોતાની જામીન અરજી સાથે મહત્વના પુરાવા પણ રજૂ કર્યા છે. જેમાં તુષાર ઘેલાણી સાથેની વ્હોટ્સએપ ચેટ્સ, વિદેશ પ્રવાસ દરમિયાન ખેંચાયેલી તસ્વીરો સહિતના દસ્તાવેજો સામેલ છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે બંને વચ્ચે વર્ષોથી નજીકના સંબંધો હતા અને આ સંબંધોને સાબિત કરતા પુરાવા કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે બિલ્ડર તુષાર ઘેલાણીએ ૩૧ જાન્યુઆરીની રાત્રે પાર્લે પોઈન્ટ વિસ્તારની સંગમ સોસાયટીમાં પોતાના નિવાસસ્થાને ગોળી મારી આપઘાત કર્યો હતો. આ ઘટનાએ શહેરમાં ભારે ચર્ચા જગાવી હતી.પરિવારજનો દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પૂનમ ભદોરિયાએ વર્ષોથી તુષાર પર ધાકધમકી અને બ્લેકમેલિંગ કરીને માનસિક દબાણ બનાવ્યું હતું, જેના કારણે તેમણે આ કઠોર પગલું ભર્યું. પોલીસ તપાસ દરમિયાન તુષાર ઘેલાણીની દીકરીએ પણ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. પોલીસને આપવામાં આવેલા નિવેદનમાં જણાવાયું હતું કે વેસુ સ્થિત દંપતીની પ્રાયમરી સ્કૂલનું મેનેજમેન્ટ સંભાળતી પૂનમ ભદોરિયાએ સંબંધ જાહેર કરવાની ધમકી આપીને સ્કૂલમાં ૫૦ ટકા ભાગીદારીનો કરાર કરાવ્યો હતો. તપાસમાં એવું પણ સામે આવ્યું હતું કે કોઈ રોકાણ કર્યા વગર વર્ષ ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન પૂનમ ભદોરિયાએ પગાર સિવાય અંદાજે ૧.૩૭ કરોડ રૂપિયાથી વધુ રકમ મેળવી હતી.

### ઓલપાડના કારેલીમાં SOGનો મોટો દરોડો

# 55.493 કિલો ગાંજા સાથે 4 આરોપી ઝડપાયા, 7 વોન્ટેડ જાહેર



**રંગેહાથ** ઝડપી પાડવામાં આવેલા ચારેય ઈસમો ઓરિસ્સાના વતની

**ઓડિશાના** ગંજામ જિલ્લામાંથી રાજેશ ઉર્ફે રામ અને જયસિંગ નામના મુખ્ય સપ્લાયરો ટ્રેન મારફતે ગાંજાનો જથ્થો મોકલતા હતા

**જપ્ત મુદ્દામાલ**

- ગાંજો: 55.493 કિલોગ્રામ (કિંમત રૂપિયા 27,74,650)
- ટાટા ટેમ્પો નંબર GJ-05-CU-1531
- 6 મોબાઈલ ફોન, રોકડ રકમ અને જરૂરી દસ્તાવેજો
- કુલ મુદ્દામાલ કિંમતઃ રૂપિયા 30,34,320

**ધરપકડ કરાયેલા આરોપીઓ**

- જયસેન તોફાન મહંતી (ઓડિશા)
- સુશાંત પ્રફુલ્લા નાયક (ઓડિશા)
- અજય ઉર્ફે અજયા નિત્યાનંદ નાયક (ઓડિશા)
- શ્રીકાંત શીબરામ પલતા (ઓડિશા)

(પ્રતિનિધિ) સુરત તા.25

સુરત ગ્રામ્ય જિલ્લામાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેપાર સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. રેન્જ આઈજી પ્રેમવીરસિંહ અને જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાની સૂચનાના આધારે સુરત ગ્રામ્ય SOGએ ઓલપાડ તાલુકાના કારેલી ગામમાં દરોડો પાડી 55.493 કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે કારેલી ગામની મધુવન રેસીડેન્સી, મકાન નંબર 188 પર ઓચિંતા દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ઓરિસ્સાના વતની ચાર ઈસમોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા.

પૂછપરછ દરમિયાન બહાર આવ્યું કે ઓડિશાના ગંજામ જિલ્લામાંથી રાજેશ ઉર્ફે રામ અને જયસિંગ નામના મુખ્ય સપ્લાયરો ટ્રેન મારફતે ગાંજાનો જથ્થો મોકલતા હતા. સાયણ રેલવે ટ્રેક પાસે પીલર નંબર નજીક લાઈટ સિગ્નલ દ્વારા ડિલિવરી લેવામાં આવતી અને ત્યારબાદ ટેમ્પો મારફતે કારેલી ગામના મકાનમાં સંગ્રહ કરીને સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવતો હતો. પોલીસે આ કેસમાં મુખ્ય સૂત્રધાર રાજેશ ઉર્ફે ગંગુ, જયસીંગ તથા ટ્રેન મારફતે માલ પહોંચાડનારા સહિત કુલ 7 ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા છે. ઓલપાડ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ 8(સી), 20(બી) અને 29 હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આ સફળ કાર્યવાહી બાદ સુરત ગ્રામ્ય વિસ્તારમાં નશાના કારોબારીઓમાં ચકચાર મચી છે.

### સમા ખાતે એસએજી ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે સ્પર્ધા

# 72મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026માં ગુજરાતની વિજયી શરૂઆત

**ચંદીગઢે** ઝારખંડને 76-32, ઈન્ડિયન રેલવેએ ઓડિશાને 73-23 અને તામિલનાડુએ મણિપુરને 75-16થી ખૂબ જ સરળતાથી હાર આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.25

શહેરમાં 24 ફેબ્રુઆરીથી ચાર-દિવસીય 42મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026 (મેન્સ) નો પ્રારંભ રસાકસીભરી મેચમાં ગુજરાતની વિજયી શરૂઆત સાથે થવા પામ્યો હતો.

વડોદરામાં એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા (AKFI) ના નેજા હેઠળ ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશન અને વડોદરા કબડ્ડી એસોસિએશન દ્વારા ચાર-દિવસીય 42મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026 (મેન્સ) યોજાઇ રહી છે. પ્રથમ દિવસે કુલ ચાર પૂલ એ, બી, સી, અને ડીમાં 16 મેચ યોજાઇ હતી. જેમાં ગુજરાતની ટીમે ભારે રસાકસી વચ્ચે પંજાબ સામે 46-44થી વિજય મેળવ્યો હતો.

વડોદરાના સમા ખાતે આવેલા એસએજી ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઇ રહેલી આ ચેમ્પિયનશિપમાં ચંદીગઢે ઝારખંડને 76-32, ઈન્ડિયન રેલવેએ ઓડિશાને 73-23 અને તામિલનાડુએ મણિપુરને 75-16થી ખૂબ જ સરળતાથી હાર આપી હતી. અન્ય મેચમાં યુપીએ વિદર્ભ સામે 49-45, જમ્મુ અને કાશ્મીરે તેલંગાણા સામે 43-34, હરિયાણાએ આંધ્રપ્રદેશ સામે 49-32, બિહારે કેરાલા સામે 35-32થી વિજય મેળવ્યો હતો. જ્યારે રાજસ્થાને છત્તિસગઢને 79-28, મહારાષ્ટ્રે દિલ્હીને 52-37, કર્ણાટકે ત્રિપુરાને 88-23, ગોવાએ બંગાલને 56-42થી હાર આપી હતી. મધ્ય પ્રદેશે ઉત્તરાખંડ સામે 64-33, સર્વિસીસે ઝારખંડ સામે 71-24, પોંડિચેરીએ ઓડિશા સામે 53-35 અને હિમાચલપ્રદેશે પંજાબ સામે 51-33થી વિજય મેળવ્યો હતો.

### જો મટીરીયલ નહીં મળે તો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાશે

# કોમર્સ ફેકલ્ટીમાં વર્ષોથી ચાલતા ઝેરોક્ષ સેન્ટરો બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓને હાલાકી



(પ્રતિનિધિ) વડોદરા,તા.25

એમ.એસ.યુનિવર્સિટીની સૌથી મોટી કહેવાથી કોમર્સ ફેકલ્ટીમાં ડીનના એક નિર્ણયથી મોટો વિવાદ ઉભો થયો છે. પરીક્ષાઓ નજીક છે. ત્યારે મેઈન બિલ્ડીંગ અને યુનિટ બિલ્ડિંગમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી છે. આગામી સમયમાં એક્સ્ટર્નલ પરીક્ષાઓ શરૂ થવાની છે ત્યારે, જો મટીરીયલ નહીં મળે તો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાશે.

એમએસયુની કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રો. પ્રજ્ઞેશ શાહ દ્વારા છેલ્લા 15 વર્ષોથી કાર્યરત ઝેરોક્ષ સેન્ટરોને અચાનક બંધ કરવાનો આદેશ અપાયો છે. આ નિર્ણય સામે વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકીએ નારાજગી વ્યક્ત કરી છે.વિદ્યાર્થીનેતા નિખિલ સોલંકી જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસથી વિદ્યાર્થીઓ પણ અમને પૂછી રહ્યા છે કે, ઝેરોક્ષ સેન્ટર બંધ છે, અમને મટીરીયલ જોઈએ છે મળતું નથી. કારણ કે, હવે થોડા સમયની અંદર એક્સટર્નલ પરીક્ષાઓ આવી રહી છે. પરંતુ વિદ્યાર્થીઓ જ્યારે મટીરીયલ લેવા જાય છે. ત્યારે, ઝેરોક્ષ સેન્ટર બંધ છે. ત્યારે, જાણવા મળ્યું હતું કે, કોમર્સ ફેકલ્ટીના ડીન દ્વારા આ સેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા છે અને મટીરીયલ વેચવાનું પણ બંધ કરી દેવાયું છે. અમને જાણવા મળ્યું છે કે વિદ્યાર્થીઓને ડિજિટલ એટલે કે પીડીએફ ફોર્મેટમાં મટીરીયલ આપવામાં આવશે. પરંતુ ઝેરોક્ષ સેન્ટર પર ફક્ત મટીરીયલ ન હતું વેચાતું. ત્યાં વિદ્યાર્થીઓ ઝેરોક્ષ માટે પણ આવતા હતા. એ કોઈ પણ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ હોય આ ઝેરોક્ષ સેન્ટરોનો ઉપયોગ થતો હતો. વર્ષોથી ચાલતું આવ્યું છે. અચાનક પરીક્ષાઓ અગાઉ આ સેન્ટરો બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડી રહી છે. અમને એવું હતું કે, પ્રો.પ્રજ્ઞેશ શાહ ડીન તરીકે આવ્યા તો વિદ્યાર્થીઓના હિતમાં હવેથી નિર્ણય લેવાશે. પરંતુ આ જે નિર્ણય લેવાયો એ ક્યાંકને ક્યાંક અમને યોગ્ય લાગતો નથી. મટિરિયલના આધાર પર જ વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસની તૈયારી કરતા હોય છે. પરંતુ, જો વિદ્યાર્થીને જ્યારે, મટીરીયલ નહીં મળે તો આગામી પરીક્ષામાં વિદ્યાર્થીઓને વધુ મુશ્કેલી પડશે.

### વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં બાળકોની રસરુચિમાં વૃદ્ધિ થાય તે મુખ્ય હેતુ

# વડોદરા ઉપરાંત ભરૂચ અને નર્મદાના શિક્ષકોને એઆઇ અને રોબોટિક્સની તાલીમ અપાઇ

**રાજ્ય** સરકારના અભિયાન અંતર્ગત વડોદરામાં ઝોન કક્ષાએ 45 શિક્ષકોને અપાઇ તાલીમ



(પ્રતિનિધિ) વડોદરા તા.25

બાળકોને વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિષયોમાં રસરુચિ વધે એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કરાયેલી જોગવાઈઓને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા હવે શિક્ષકોને આ પ્રકારની તાલીમ આપી સજ્જ કરી રહી છે. એ અંતર્ગત પીએમશ્રી શાળાના શિક્ષકો માટે ઝોન કક્ષાએ એઆઇ અને રોબોટિક્સની તાલીમ આપવામાં આવી હતી.

સંયોજનકર્તા શ્રી મુકેશ શર્માએ જણાવ્યું કે, પીએમશ્રી શાળાના શિક્ષકોને તાલીમ આપવા માટે એક કાર્યશાળામાં આયોજન કરવામાં આવ્યું હતું. ઝોન કક્ષાએ વડોદરા, વડોદરા કોર્પોરેશન, ભરૂચ, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

જેમાં રાજ્ય કક્ષાએથી ટ્રેનીગ મેળવેલ નિષ્ણાત તજજ્ઞો એવા કિંજલબેન મિસ્ત્રી, મોનીકાબેન સોની અને સાગરભાઈ ચૌધરીએ તાલીમાર્થીઓને બંને દિવસ થીયોરીટીકલ અને પ્રેક્ટીકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિક્ષકોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સની વિવિધ મોડેલ સમજાવવામાં આવ્યા હતા. બ્રેડબોર્ડ, હોલ જમ્પર, પિક્ટોબ્લોક સહિતના વિષયો ઉપર તાલીમ આપવામાં આવી હતી.

આ ઉપરાંત સામાન્ય ઇન્ટરનેટ કનેક્શનથી જનરેટિક એઆઇ થકી શિક્ષણને કેવી રીતે વધુ આસાન અને સરળ બનાવી શકાય એ બાબતોની પણ તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યશાળામાં કુલ ૪૫ આચાર્યો અને શિક્ષકોએ ભાગ લીધો હતો.

આગામી સમયમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવ્યા મુજબ વિદ્યાર્થીઓને એઆઇ અને રોબોટિક્સ કિટના સાધનોના ઉપયોગથી બાળકોને ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી વિષયમાં રસ અને રૂચી વધે, બાળક જાતે સ્વ પ્રયત્ન દ્વારા એન્જિનિયરિંગ બાબતોનું પણ જ્ઞાન પ્રાપ્ત કરે તે જરૂરી છે. આ તબક્કે જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર શ્રી મહેશ પાંડે એ તમામ તાલીમાર્થીઓને પીએમ શ્રી શાળામાં વિદ્યાર્થીઓને એઆઇ અને રોબોટિક્સનો ખ્યાલ સ્પષ્ટ કરાવવા તેમજ તેની ઉપયોગીતા વિશે વિગતવાર સમજ આપવામાં આવે તેવો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

આ તાલીમમાં બીજા દિવસે અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશન માંથી ગાયત્રીબેન કૌલની ટીમે ઉપસ્થિત રહી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

### અર્પણ ફાઉન્ડેશનના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો

# 'મા તે મા' શિર્ષક હેઠળ ' માતૃ શક્તિ વંદના' સંગીત સંધ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.25

અર્પણ ફાઉન્ડેશનના ઉપક્રમે માતૃશ્રી હિરાબા મકવાણાના 48મા નિર્વાણ દિન નિમિતે શહેરમાં સૌ પ્રથમવાર ' મા તે મા ' શિર્ષક હેઠળ ' માતૃ શક્તિ વંદના' સંગીત સંધ્યા કાર્યક્રમનું દંતેશ્વર ખાતે આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં યુવા લોકસાહિત્યકાર રાજેશ ચૌહાણે સાંપ્રત સમયમાં સભ્ય સમાજમાં સંતાનો દ્વારા માતા-પિતાની ઉપેક્ષા, ઉમરની ઢળતી સંધ્યાએ વૃદ્ધાશ્રમમાં ધકેલી દેવાના કરાતા કૃત્યો, માબાપના લાલપાલન માટે બાંધવામાં આવતા વારા અને સંપત્તિ હડપ કરવા ગુજારાતા અમાનુષી અત્યાચાર વિશે દોહા, છંદ અને સદષટાત ઉદાહણો રજૂ કરી ઉપસ્થિત સૌને માતા પિતાની સેવા કરી પુણ્યનું ભાથું બાંધી લેવા હૃદયસ્પર્શી અપીલ કરાઈ હતી. જ્યારે યુવા લોકગાયક ભાવેશ પરમાર, ધવલ ચૌહાણ અને યોગેશ ગોહિલે પોતાના સુમધુર કંઠથી ગીતો રજૂ કયા હતા. આ પ્રસંગે અર્પણ ફાઉન્ડેશનના અધ્યક્ષ ચીમનભાઈ મકવાણા દ્વારા શહેરના પૂર્વ મેયર અને પ્રથમ રાષ્ટ્રીય સમણ સંત રતિલાલ દેસાઇ અને કલાકારોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું.

### MGVCL દ્વારા 'સ્માર્ટ મીટર પખવાડા'ની ઉજવણી હાથ ધરાઇ

# 60 વધુ વીજ મીટર લગાવી 1.70 લાખ લોકો સાથે સંવાદ કરાયો




(પ્રતિનિધિ) વડોદરા તા.25

મધ્ય ગુજરાતમાં વીજ વ્યવસ્થા વધુ સરળ અને પારદર્શક બને તે માટે મિનિસ્ટ્રી ઓફ પાવરના નિર્દેશાનુસાર મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (એમજીવીસીએલ) દ્વારા ૦૯ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન 'સ્માર્ટ મીટર પખવાડા'નું આયોજન કરાયું હતું. જેમાં કંપનીએ લોકો સુધી સીધો સંવાદ કરી સ્માર્ટ મીટર વિશે સમજાવ્યું અને તેમની શંકાઓ દૂર કરી હતી.

એમજીવીસીએલનું લક્ષ્ય કુલ ૩૩ લાખ સ્માર્ટ મીટર લગાવવાનું છે. જે પૈકી અત્યાર સુધીમાં ૧૧.૦૯ લાખ સ્માર્ટ મીટર લગાવી દેવાયા છે. પખવાડિયા દરમિયાન જ ૬૦ હજારથી વધુ સ્માર્ટ મીટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે હાલમાં દરરોજ અંદાજે ૦૪ હજાર મીટર લગાવવામાં આવી રહ્યા છે.

આ અભિયાન દરમિયાન વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ, ખેડા અને મહિસાગર સહિતના જિલ્લાઓમાં જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૧.૭૦ લાખથી વધુ ઉપભોક્તાઓને સ્માર્ટ મીટર શું છે, તેનો ફાયદો શું છે અને બિલ કેવી રીતે બને છે તેની સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી. કંપનીના કર્મચારીઓએ લોકો સાથે બેઠકો કરી, પ્રશ્નો સાંભળ્યા અને તરત સમાધાન આપ્યા ઉપરાંત ઘણા લોકોમાં સ્માર્ટ મીટર અંગે જે ભય અને ગેરસમજ હતી તે દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પખવાડા દરમિયાન વર્કશોપ દ્વારા ૭૯ હજારથી વધુ લોકોને સ્માર્ટ મીટર વિશે જાગૃત કર્યા, ૧૮૦ જગ્યાએ માહિતી કેન્દ્ર (કેનોપી) ઊભા કરાયા, વિવિધ કાર્યક્રમો દ્વારા ૧.૭૦ લાખ લોકો સુધી પહોંચ્યા, ૩૨ હજારથી વધુ લોકોએ સ્માર્ટ મીટર એપ ડાઉનલોડ કરી, ૧૦ હજારથી વધુ લોકોએ એપમાં રજીસ્ટ્રેશન કર્યું, ઘર-ઘર જઈ ૩૫ હજારથી વધુ લોકોને એપના ફાયદા સમજાવ્યા, ૧૦ હજારથી વધુ લોકોએ પોતાનો પ્રતિસાદ આપ્યો, ફરિયાદોનું ઓન ધી સ્પોટ નિરાકરણ કરાયું અને વર્કશોપ થકી જૂના મીટર અને સ્માર્ટ મીટરની સરખામણીનો લાઇવ ડેમો અપવામાં આવ્યો હતો.

**સ્માર્ટ મીટરથી નુકસાન નથી પણ ફાયદો છે**

સ્માર્ટ મીટર સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને નવી ટેક્નોલોજી પર આધારિત છે. લોકો મોબાઇલ એપ દ્વારા પોતે જ પોતાની વીજ વપરાશ પર નજર રાખી શકે છે. એપ ગૂગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. અભિયાન દરમિયાન સોશિયલ મીડિયામાં ફેલાતી ખોટી વાતો દૂર કરવા માટે પણ સમજ આપવામાં આવી અને લોકોને વિશ્વાસ અપાયો કે સ્માર્ટ મીટરથી કોઇ નુકસાન નથી, પરંતુ ફાયદો છે.

# પર્ફોર્મિંગ આર્ટસના નૃત્ય વિભાગ દ્વારા નૃત્યની રાષ્ટ્રીય કાર્યશાળા : 70 વિદ્યાર્થીએ લાભ લીધો




(પ્રતિનિધિ) વડોદરા,તા.25

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના નૃત્ય વિભાગ દ્વારા બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રખ્યાત નૃત્યકાર તથા ભૂતપૂર્વ અધ્યક્ષ જૂથિકા મહેને ત્રણ સત્રોમાં આ કાર્યશાળાનું સંચાલન કર્યું હતું. પ્રથમ દિવસે તેઓ પ્રારંભિ નૃત્યના શબ્દો, તાલ, લય, તકનીક અને જ્ઞાન દ્વારા વિદ્યાર્થીઓને ગહન તાલીમ આપી હતી.

રાષ્ટ્રીય કાર્ય શાળામાં વિવિધ જુના ગીતો, ભજનો, શાસ્ત્રીય નૃત્ય ભારતનાટ્યમમાં આવતા તમિલ અને તેલુગુ ભાષાની રચના વિશે ખુબ અદભુત રીતે સમજાવીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રસ,ભાવ,વિભાવ,અનુભાવ અને સંચારી ભાવને નૃત્યમાં અદભુત રીતે દર્શાવ્યું અને તેનું પ્રદર્શન કરી વિદ્યાર્થીઓને નૃત્યમાં જુદા જુદા અભિનય સાથે જાણકારી આપીને એક કિર્તનમ શીખવ્યું હતું. શાસ્ત્રીય અને લોક કલાઓ એકબીજાથી પરસ્પર પ્રભાવિત થાય છે તથા લોક કલામાંથી શાસ્ત્રીય કલાને નવી ઉર્જા, ભાવ, લય અને સરળતાં મળે છે. જયારે શાસ્ત્રીય કલાની શિસ્ત, તકનીક અને વ્યાકરણ લોકકલાને સુવ્યવસ્થિતતા આપે છે. એ વિશે તાર્કિક સમજણ આપી. આ રીતે બંને કલાઓ એકબીજાથી સાથે જોડાઈને વધુ સમૃદ્ધ અને જીવંત બને છે. આમ, શાસ્ત્રીય નૃત્ય અને લોક નૃત્ય શીર્ષક ધરાવતી રાષ્ટ્રીય કાર્યશાળાનું પ્રથમ દિવસનું સફળ આયોજિત થયું હતું. જેમાં 70 જેટલા વિદ્યાર્થઓ એ લાભ લીધો હતો. આ વિદ્યાર્થીઓ કથક તેમજ ભરતનાટ્યમ શૈલીના પ્રથમ કક્ષાથી લઈને પીએચડીમાં અભ્યાસ કરી રહ્યા છે. વર્કશોપના સંયોજકો ડો.અમી પંડ્યા અને ડો.પ્રીતિ દામલે એ જણાવ્યું કે, આ કાર્યશાળા વિધાર્થીઓ માટે ખૂબ લાભપ્રદ રહી. સંકાય અધ્યક્ષ પ્રો. અજય અષ્ટપુત્રે એ જણાવ્યું કે વિશ્વ વિખ્યાત અને પ્રતિષ્ઠિત નૃત્યકાર, જૂથિકા મહેને નૃત્ય વિભાગ માં 24 વર્ષો સુધી કાર્ય કરી વિદ્યાર્થીઓને લાભાંકિત કર્યા હતા. જેઓએ માનવીના મનના ભાવ મુખ પર સુંદર રીતે દર્શાવી, હસ્ત્રમુદ્રા દ્વારા પ્રદર્શિત કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, તેમને સમગ્ર વિશ્વમાં મંચ પ્રસ્તુતિ આપી હતી. તેમણે નૃત્ય માટે અસંખ્ય પુરસ્કારો અને પ્રશંસા મેળવી છે. તેઓએ ખુબ સારા નૃત્ય પ્રોડકશન જેવા કે રાગરંગ,જીવન યે જીવન, રામાયણ, તત્વગાથા, કલ્યાણી, મુક્તિ વિગેરે રજૂ કર્યા છે જેનો વડોદરાવાસીઓ એ રસાસ્વાદ ચાલ્યો છે.